# ભારતનું દુરદેંશી પણું, ઔદ્યોગીક ક્ષેત્રે એક નવતર અભિગમ




**પટેલ રિપલ ડી.**

એસ.વાય.બી.બી.એ
બી.પી.કોલેજ ઓફ બીઝનેશ
એડમીનીશટ્રેશન, ગાંધીનગર


માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સાહેબ જ્યારથી ભારતની ધુરા સંભાળી ત્યારથી તેમને નદીઓનું શુધ્ધિકરણ અને કચરામાંથી વિજ ઉત્પાદન કરવું તેવો વિચાર ધરાવતા હતા. પ્રથમ તો કાશીમાં ગંગા નદીના શુધ્ધિકરણ માટે જાપાનના પ્રવાસે ગયા ત્યાં પણ ક્વોટા પ્રોજેક્ટની જેમ ગંગા પ્રોજેક્ટ બનાવવા જાપાન સાથે કરાર કર્યા તેમનો બીજો વિચાર એ છે કે ભારતના દરેક શહેરમાંથી ઘનકચરો એકત્રિકરણ કરીને એ કચરામાંથી વિદ્યુતપેદા કરવામાં આવે.

ભારતદેશમાં વીજ કટોકટી વારંવાર જોવા મળે છે. કેમ કે વીજ ઉત્પાદન માટે ભારત દેશમાં કોલસો અપુરતો છે. કોલસો એક સ્થળેથી વીજ ઉત્પાદન ક્ષેત્રે લઈ જવા માટે વાહન વ્યવહાર ખર્ચનું ભારણ વધી જાય છે.

તેથી એક બીજા રાજ્યો પાસેથી વીજળી ખરીદવી પડે છે. તેથી વીજ ઉત્પાદન શુલ્ક વધતુ હોવાથી ગ્રાહકો પર વીજભાર વધે છે. મોંઘી પડે છે. આ ઉપરાંત વીજ ઉત્પાદનમાં વપરાતો કોલસો હવે અંદાજે ૭૦૦ હજાર ટન જેટલો જ જથ્થો છે. આ ઉપરાંત કોલસો ફાળવણીમાં કૌભાંડો કરીને નેતાઓ ખુબ જ કમાણી કરે છે. અને દેશને નુકશાન થાય છે. આ કોલસા કૌભાંડોની તપાસ થઈ રહી છે. અને ટૂંક સમયમાં સુપ્રિમ કોર્ટ કૌભાંડીઓને બહાર પાડી તેનો નિર્ણય કરનાર છે.

હવે જો આ બધી રીતે ભારતને નુકશાન થતુ હોય, વીજ કટોકટી ઘેરી બનતી હોય ગ્રાહકોને નુકશાન થતુ હોય તો તેનો ઉકેલ શોધવા વડાપ્રધાનએ એક નવતર પ્રયોગ હાથ ધરેલ છે. અને તે શહેરમાંથી કચરો એકત્રીત કરી તેમાંથી ઉર્જાશક્તિ ઉત્પન્ન કરીને દેશના ગ્રાહકોને સસ્તા ભાવે વીજળી આપવી વધારાની વીજળીએ દેશની બહાર આપવી જેથી નિકાસમાં વધારો થાય. નિકાસ થવાથી દેશનું હુંડિયામાર વધે હુંડિયામણ વધવાથી દેશણાં જરૂરીયાત હોય તેવી ચીજવસ્તુઓની આયાત થઈ શકે જેથી લેણદેણની તુલા જળવાઈ રહેશે અને દેશના દેવામાં ઘટાડો થશે જે આર્થિક રીતે ફાયદો ચોક્કસ થઈ શકે છે. કચરમાંથી વિધુત પેદા કરવા કરચારની જરુર પડે તો આ કાચો માલ શહેરોમાંથી એકત્ર કરવો જેથી શહેરની સ્વસ્છતા જળવાશે, રોગચારો ઓછો થશે. આમ માનવ સ્વાસ્થ્ય માટેનો જોખમી કચરો દુર થવાથી રાહત રહેશે આમ માનવ સ્વસ્થ માટેનો જોખમી કરચો દુર થવાથી રાહત રહેશે. આમ આવા પ્રોજેક્ટ હાથ ધરવાથી માનવશ્રમને રોજગારી પણ મળશે. જેથી ઘણા કુટુંબોની રોજીરોટીનો પ્રશ્ન હલ થઈ શકશે. આ નકામો કચરો નદીઓના પટમાં ફેકવામાં આવે છે. જેનાથી નદીઓ દુષિત થતી અટકી જશે. આમ શહેરમાંથી કચરો દુર થશે સ્વસ્થ ભારતનું નિર્માણ થશે. લોકોનું સ્વાસ્થ્ય સુધરશે લોકોને રોજી મળશે. નિકાસ વધી દેશને આવક થશે ગ્રાહકોને વીજળી સસ્તી અને નિયમિત મળશે.

**કચરમાંથી વિધુત પેદા કરવા કરચારની જરુર પડે તો આ કાચો માલ શહેરોમાંથી એકત્ર કરવો જેથી શહેરની સ્વસ્છતા જળવાશે, રોગચારો ઓછો થશે. આમ માનવ સ્વાસ્થ્ય માટેનો જોખમી કચરો દુર થવાથી રાહત રહેશે**

વિચારમાત્રથી આ ફાયદો થશે ના તેનો અમલ કરવામાં આવે તો જ આવા પ્રોજેક્ટ ઉભા કરવાથી દેશને ફાયદો જરુર થાય પણ ક્યારે તો મળતા, ભળતા ઉદ્યોગ પ્રતિઓના હાથમાં આવા ઉદ્યોગો જશે તો દશા ઠેરની ઠેર જ રહેશે. એટલે કે વધારે નફો કમાવવાની વૃત્તિ ધરાવતા ઉદ્યોગપતિઓને આવા પ્રોજેક્ટ ઉભા કરવામાંથઈ બાકાત રાખવા નહીં તો કોલસા કૌભાંડીઓ જેવા આ ક્ષેત્રમાં ઘુસી જશે તો સ્થિતિમાં કોઈ સુધારો નહીં થાય.

મોદીનો નવો વિચાર શહેરનો કચરો દુર કરવા માટે કચરાને એકત્રિકરણ કરી તેનાથી વિદ્યુત એટલે વિજળી (ઉર્જા) પેદા કરી તેનો ભારત દેશથી બહાર નિકાસ કરવાનો તેનાથી બે ફાયદા થાય છે.

(૧) શહેર ચોખ્ખુ એટલે ભારત નિર્માણ (૨) નિકાસ એટલે દેશની આવક વધે. જેથી થોડુ ઘણુ દેશને ઉપયોગી થાય છે. દેવુ ઘટવામાં મદદરૂપ થાય માટે આ પ્રશ્ન પરથી અર્થશાસ્ત્રથી દ્રષ્ટિએ શું ફાયદો થાય છે. અને કેટલું નફાકારકતા પ્રાપ્ત થાય છે. અર્થશાસ્ત્રની રીતે મંતવ્ય આપો.